**Enrollment No:** ______________________ **Exam Seat No:** ______________________

# C. U. SHAH UNIVERSITY

## Summer Examination-2020

**Subject Name: Compulsory Accountancy - I**

**Subject Code: 4CO01CAC2** **Branch: B.Com (Gujarati)**

**Semester: 1** **Date: 02/03/2020** **Time: 02:30 To 05:30** **Marks: 70**

Instructions:
(1) Use of Programmable calculator & any other electronic instrument is prohibited.
(2) Instructions written on main answer book are strictly to be obeyed.
(3) Draw neat diagrams and figures (if necessary) at right places.
(4) Assume suitable data if needed.

---

**Q-1** **Attempt the following questions:** **(14)**

**a)** પેઢીનાં સંયોજન વખતે નવી પેઢી દ્વારા જે જવાબદારી લેવામાં આવતી નથી તે લઇ જવામાં આવે છે.......... 1

(A)નવી પેઢીનાં ખાતે (B)પુન:મૂલ્યાંકન ખાતે (C)મૂડી ખાતે (D)એકેય નહિ

**b)** સંયોજન વખતે નવી પેઢીએ નહિં લીધેલ જવાબદારી ભાગીદારોના મૂડી ખાતે........ પ્રમાણમાં જમા થાય. 1

(A)જુના નફા-નુક્શાન પ્રમાણમાં (B)સરખા પ્રમાણમાં
(C)ભાગીદારો નક્કી કરે તે પ્રમાણમાં (D)મૂડીના પ્રમાણમાં

**c)** આડતમાલના હિસાબોમાં ઉદભવતું અસામાન્ય નુક્શાન કયા ખાતે ઉધારાય છે? 1

(A)આડતિયા ખાતે (B)આડતમાલ ખાતે
(C)નફા-નુક્શાન ખાતે (D)માલધણી ખાતે

**d)** આસામી આડત : 1

(A)કુલ વેચાણ પર ગણાય (B)ફક્ત ઉધાર વેચાણ પર ગણાય .
(C) ફક્ત રોકડ વેચાણ પર ગણાય (D)મોકલેલ કુલ માલ પર ગણાય.

**e)** આડતિયાએ પોતે ખરીદી લીધેલા માલ ઉપર કઇ આડત ચૂકવાય છે? 1

(A)સાદી આડત (B)વધારાની આડત
(C)આસામી આડત (D)આડત ચૂકવાતી નથી

**f)** આડતમાલના ધંધામાં રૂ 35,000 ની કિંમતનું અસામાન્ય નુક્શાન થયું, જેનો વીમો કંપનીએ 40% રકમનો દાવો મંજુર કરેલ છે, આડતમાલ ખાતે કેટલી રકમ જમાં થાય. 1

(A)14,000 (B)21,000 (C)17,500 (D)35,000

**g)** રાશના ધંધા માટે કયો કાયદો લાગુ પડે છે? 1

(A)1956 નો કંપનીધારો (B)કોઇ ખાસ કાયદો નથી

(C)**1932** નો ભાગીદારીનો કાયદો (D)સહકારી મંડળીનો કાયદો

**h)** નીચેનામાંથી કયું ખાતું બનાવવા દ્વિનોંધી પધ્ધતિનો ઉપયોગ થતો નથી? 1

(A)રાશ ખાતું (B) સંયુક્ત બેંક ખાતું (C) કાચું રાશ ખાતું (D)એકેય નહિ

**i)** રાશના ધંધામાં જ્યારે ગ્રાહકને માલ બક્ષિસ તરીકે આપવામાં આવે ત્યારે કયું ખાતું ઉધારવામાં આવે છે? 1

(A)બક્ષિસ ખાતું (B)રાશ ખાતું (C)નફા-નુકશાન ખાતું (D)એકેય નંહિ

**j)** સંયુક્ત જીવનવીમાં પોલીસીના પ્રીમીયમના હિસાબો લખવાની કેટલી રીત છે? 1

(A)2 (B)4 (C)3 (D)5

**k)** પ્રીમીયમને મહેસૂલી ખર્ચ ગણવામાં આવે ત્યારે ભરેલી પ્રીમીયમને કયા ખાતે ઉધારવામાં આવે છે? 1

(A)પોલિસી ખાતે (B)પ્રીમીયમ ખાતે (C)નફા-નુકશાન ખાતું (D)વેપાર ખાતું

**l)** હિસાબી ધોરણ ૩ એ ................ છે? 1

(A)રોકડપ્રવાહ પત્રક (B)પાઘડી મૂલ્યાંકન

(C)ઇન્વેન્ટરી મૂલ્યાંકન (D)મૂડીપ્રવાહ પત્રક

**m)** ‘ઇન્વેન્ટરી મૂલ્યાંકન’ એ કયું હિસાબી ધોરણ છે? 1

(A)1 (B) **3** (C) **2** (D) 4

**n)** A અને B સયુક્ત સાહસમાં જોડાય છે. A રૂ 60,000 **B** ને આપે છે. તો A ના ચોપડામાં વ્યવહાર કયા ખાતામાં નોંધાશે? 1

(A)રાશ ખાતું (B)B નું ખાતું (C)ખર્ચ ખાતું (D)એકેય નહિં

**Attempt any four questions from Q-2 to Q-8**

**Q-2**

રાજકોટનાં શ્રી નિકિત, પોરબંદરની રૂચિન એન્ડ કંપનીને ૧૦૦ શર્ટ આડતમાલથી વેચવા મોકલ્યાં. માલની ભરતિયાં કિંમત એકનાં 150 લેખે જે મૂ. કિ પર 50% નફો ઉપજાવે તેમ દર્શાવી. શ્રી નિકિતે ખરાજાત અને વીમાંનાં રૂ 1,000 ચૂકવ્યા. **14**

રૂચિન એન્ડ કંપનીએ ખરાજાતનાં રૂ 500 અને ભાડાના 8 00 ચૂકવ્યા. તેઓએ રૂ 160ના એક લેખે 50 શર્ટ વેચ્યાં અને રૂ 175 ના એક લેખે 20 શર્ટ ઉધાર વેચ્યાં. કમિશન 5% વતા 1% આસામી આડત બાદ કરી બાકીની રકમ મોકલી આપી.

રૂચિન એન્ડ કંપનીએ ધ્યાન પર લાવ્યું કે 10 શર્ટ ખરાબ પેકિંગને કારણે ડાઘાવાળાં હતા. માલઘણીની સંમતિથી નુક્શાનીવાળાં શર્ટના રૂ 800 ઊપજાવ્યા.

બીજું એક ગ્રાહક શ્રી ધ્રુવ રૂ 1,000 કે જેમને રૂચિન એન્ડ કંપનીએ શર્ટ વેચેલ તે નાદાર થયો અને રૂપિયે પચાસ પૈસા લેખે વસૂલાત થઇ શકી. આસામી આડત કુલ વેચાણ પર ગણવી.

શ્રી નિકિત, રાજકોટની ખાતાવહીમાં આડતમાલ ખાતું તથા આડતિયાનું ખાતું તૈયાર કરો. તેમજ આડતિયાના ચોપડે શ્રી નિકિત રાજકોટનું ખાતું તૈયાર કરો.

| | | | |
|---|---|---|---|
| **Q-3** | | **Attempt all questions** | **(14)** |
| | **A** | હિસાબી ધોરણ – ૩ અંગે સમજૂતી આપો. | **7** |
| | **B** | તફાવત આપો : સામાન્ય નુકશાન અને અસામાન્ય નુકશાન | **7** |
| **Q-4** | | **Attempt all questions** | **(14)** |
| | **A** | આડતમાલનો અર્થ આપી તેના લક્ષણો સમજાવો. | 7 |
| | **B** | ટૂંકનોંધ : આસામી આડત | **7** |
| **Q-5** | | **Attempt all questions** | **(14)** |
| | **A** | આડતમાલ અને રાશ વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો. | **7** |
| | **B** | સંયુક્ત તેમજ વ્યક્તિગત પોલીસી વિશે સમજૂતી આપો. | **7** |
| **Q-6** | | | |

મેસર્સ **A- B** અને **C – D** ની પેઢીનું તા. 31-03-2016 ના રોજ સંયોજન થાય છે. તે દિવસે **A- B** ની પેઢીનું પાકું સરવૈયું નીચે મુજબ છે: **14**

**પાકું સરવૈયું**

| દેવા | | રૂ . | મિલકતો | રૂ. |
|---|---|---|---|---|
| લેણદારો | | 10,000 | જમીન અને મકાન | 30,000 |
| અનામત ભંડોળ | | 3,000 | ફર્નિચર | 2,000 |
| **મૂડી ખાતા :** | | | સ્ટોક | 8,000 |
| A | 21,000 | | દેવાદારો | 7,500 |
| B | 14,000 | 35,000 | રોકડ સિલક | 500 |
| | | 48,000 | | 48,000 |

**A- B 4**: 1 ના પ્રમાણમાં નફો-નુકશાન વહેંચતા હતા. **A- B** ની પેઢી અંગે નીચેની શરતો નક્કી કરવામાં આવી:

(1) પાઘડીની કિંમત રૂ 8,000 ગણવી.

(2) જમીન મકાનની કિંમતમાં 10% વધારો કરવો અને દેવાદારો પર 4% ઘાલખાધ અનામત રાખવી.

(3) ફર્નિચર નવી પેઢીએ લેવું નહિ.

(4) સ્ટોકની કિંમત રૂ 10,300 ગણવી.

સંયોજન વખતે મેસર્સ **A -B** ની પેઢીના ચોપડે જરૂરી ખાતા બનાવો.

| | | | |
|---|---|---|---|
| **Q-7** | | **Attempt all questions** | **(14)** |
| | **A** | તા. 1 લી ઓક્ટોબર, 2015 ના રોજ જય અને વિજય 2: 1 ના ભાગે રાશના ધંધામાં જોડાયા. તેમણે તેમના સંયુક્ત બેન્ક ખાતામાં અનુક્રમે રૂ 1,00,000 અને રૂ 50,000 જમા કરાવ્યા અને ઠરાવ્યું કે સંયુક્ત બેન્ક ખાતાનો ઉપયોગ ખરીદ અને વેચાણ માટે કરવો. જ્યારે રાશના ખર્ચા દરેક ભાગીદારે પોતાની અંગત રોકડમાંથી ચૂકવવાના છે. જ્યારે સામાન્ય વહીવટી માટે વાર્ષિક રૂ 10,000 લેખે પગાર આપવાનો છે. અને વિજયને તેણે કરેલા વેચાણ પર 10% કમિશન આપવાનું છે. જયે રૂ 1,00,000 નો | **7** |

માલ ખરીદ્યો અને ખર્ચના રૂ 5,000 ચૂકવ્યા. વિજયે કેટલોક માલ રૂ 1,00,000 માં વેચ્યો અને વેચાણ ખર્ચના રૂ 2,000 ચૂકવ્યા. રૂ 34,000ની કિંમતનો નહિ વેચાયેલો માલ જયે રાખી લીધો. તા. 31મી માર્ચ, **2016**ના રોજ હિસાબોની પતાવટ કરવામાં આવી.

રાશ ખાતું, સંયુક્ત બેન્ક ખાતું અને ભાગીદારોનાં મૂડી ખાતાં તૈયાર કરો.

**B** રીટા, ગીતા અને નીતા 2:2:1 ના પ્રમાણમાં નફોનુક્શાન વહેંચે છે. તેઓએ તા. 1-1-2006 ના રોજ રૂ 2,000 નું વાર્ષિક પ્રીમીયમ ભરીને રૂ 25,000 ની સંયુક્ત જીવનવીમા પોલીસી લીધી. તેઓનું હિસાબી વર્ષ 31મી ડિસેમ્બરે પૂરૂ થાય છે. **7**

તા. 15-5-2010 નારોજ નીતાનું અવસાન થયું. પેઢીના ચોપડે પ્રીમિયમને મૂડીખર્ચ ગણવામાં આવે છે. વીમા કંપનીએ રૂ 5,000 બોનસ સહિત પોલિસીની રકમ તા. 10-06-2010 ના રોજ ચૂકવી આપી.

પેઢીના ચોપડે આમનોંધ લખો.

**Q-8 Attempt all questions (14)**

**A** તેજસ, કમલ અને મનન 8:7:3 ના પ્રમાણમાં નફો-નુક્શાન વહેચતા ભાગીદારો છે. તેઓએ તા. **1-4-04** ના રોજ રૂ 70,000 ની સંયુક્ત જીવન વીમા પોલિસી લીધી. જેનું વાર્ષિક પ્રીમીયમ રૂ 5,000 હતું. હિસાબી વર્ષ 31મી ડિસેમ્બરના રોજ પૂરું થાય છે. તા. **15-1-2007** ના રોજ મનનનું અવસાન થયું. વીમા કંપનીએ રૂ 90,000 ચૂકવ્યા. **7**

પેઢીના ચોપડે પોલિસી ખાતું શરણ મૂલ્ય કિંમતે દર્શાવવામાં આવે છે અને તેટલી જ રકમની અનામતની વ્યવસ્થા કરવામાં આવી છે.

| વર્ષ | શરણ મૂલ્ય |
|---|---|
| 2004 | શૂન્ય |
| 2005 | 1,200 |
| 2006 | 2,000 |

સંયુક્ત જીવન વીમા પોલીસી ખાતું અને સંયુક્ત જીવન વીમા પોલીસી અનામત ખાતું તૈયાર કરો.

**B** **X, Y,** અને **Z** સંયુક્ત સાહસમાં જોડાયા. **X,** પોતાના સ્ટોકમાંથી રૂ 5,000 નો માલ આપે છે. **Y,** અને **Z** અનુક્રમે રૂ 6,000 અને રૂ 8,000 રોકડા મૂડી તરીકે આપે છે. **X** રૂ 10,000 નો માલ 5% ના વેપારી વટાવે ખરીદે છે. આ અંગે તે ખર્ચના રૂ 1,000 ચૂકવે છે. રૂ 5,000 નું ઉધાર વેચાણ કરે છે અને રૂ 20,000 નું રોકડ વેચાણ કરે છે. ઉધાર વેચાણની ઉઘરાણી **X** ને ચૂકતે રૂ 4,800 મળી છે. રાશના ધંધાનું સંચાલન **X** કરે છે. **X** એ કમિશનના રૂ 300 કાપી બીજા ભાગીદારોની બાકી રકમ ચૂકવી ધંધો બંધ કર્યો. **7**

**X** ના ચોપડે આમનોંધ લખો.